ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./૦૭
તા.૧૩/૦૪/૨૦૧૮

અરજદારઃ
શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળે
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલ.

ફરીયાદની હકીકતઃ

**વિષયઃ** અરજદાર શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળે, ધ્વારા આર.ટી.આઈ એકટ–૨૦૦૫ અંતર્ગતની, આઈ.ડી.નં. ૨૫૩૩, તા.૧૯/૦૨/૨૦૧૮ ની અરજીથી મુદા નં (૧) વર્ષ ૨૦૧૩ થી આજ દિન સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપશ્રીના ઝોનમાં હદ વિસ્તારમાં જેટલા તમામ પ્રકારના "પે એન્ડ પાર્ક" સંચાલન કરવાનો કોન્ટ્રાકટ અથવા ઈજારો આપવામાં આવેલ હોય તેમના સંચાલકનું નામ, સરનામા,સંપર્ક નંબર સાથેની સંપૂર્ણ માહિતી સવિસ્તર અને વિગતવાર સર્ટીફાઈડ નકલ સાથે આપવી. (૨) વર્ષ ૨૦૧૩ થી આજ દિન સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપશ્રીના ઝોનમાં હદ વિસ્તારમાં જેટલા તમામ પ્રકારના "પે એન્ડ પાર્ક" સંચાલન કરવાનો કોન્ટ્રાકટ અથવા ઈજારો આપવામાં આવેલ હોય તેમના વર્કઓર્ડરની નકલ તથા તે સંબધિત લગતા તમામ કાયદાઓની સંપૂર્ણ માહિતી સવિસ્તર અને વિગતવાર સર્ટીફાઈડ નકલ સાથે આપવી.

**સંદર્ભ :–** (૧) અરજદારની આઈ.ડી.નં.૨૫૩૩, તા.૧૯/૦૨/૨૦૧૮ નાં રોજની મૂળ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૭૮, તા. ૧૪/૦૩/૨૦૧૮
(૩) અરજદારની તા.૧૯/૦૩/૧૮ના રોજની પ્રથમ અપીલ અરજીનં–૧૮૮
(૪) પ્રથમ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નં– ટીપીડી / આરટીઆઈ / આ / ૬૯–૧ થી તબદીલ થઈ અત્રેની કચેરીએ ટ્રાફિકસેલ/આરટીઆઈ/ઈનવર્ડ/નં–૦૧, તા. ૦૨/૦૪/૨૦૧૮ થી મળેલ છે.
(૫) અરજદારશ્રી ને અપીલ અન્વયે સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ પત્ર નં ટ્રાફિકસેલ/આરટીઆઈ/આઉટ વર્ડ / નં–૦૧, તા. ૦૩/૦૪/૨૦૧૮

અરજદાર શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળે, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૨૫૩૩, તા.૧૯/૦૨/૨૦૧૮ ની અરજીથી મુદા નં (૧) વર્ષ ૨૦૧૩ થી આજ દિન સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપશ્રીના ઝોનમાં હદ વિસ્તારમાં જેટલા તમામ પ્રકારના "પે એન્ડ પાર્ક" સંચાલન કરવાનો કોન્ટ્રાકટ અથવા ઈજારો આપવામાં આવેલ હોય તેમના સંચાલકનું નામ, સરનામા,સંપર્ક નંબર સાથેની સંપૂર્ણ માહિતી સવિસ્તર અને વિગતવાર સર્ટીફાઈડ નકલ સાથે આપવી. (૨) વર્ષ ૨૦૧૩ થી આજ દિન સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપશ્રીના ઝોનમાં હદ વિસ્તારમાં જેટલા તમામ પ્રકારના "પે એન્ડ પાર્ક" સંચાલન કરવાનો કોન્ટ્રાકટ અથવા ઈજારો આપવામાં આવેલ હોય તેમના વર્કઓર્ડરની નકલ તથા તે સંબધિત લગતા તમામ કાયદાઓની સંપૂર્ણ માહિતી સવિસ્તર અને વિગતવાર સર્ટીફાઈડ નકલ સાથે આપવી.જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં–સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૨૭૩, તા. ૧૨/૦૩/૨૦૧૮ થી નારાજ થઈ તા.૧૬/૦૩/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અપીલ અરજી તબદીલ થઈ અત્રેની કચેરીના ઈનવર્ડ નં– ટ્રાફિકસેલ/આરટીઆઈ/૦૧, તા. ૦૨/૦૪/૨૦૧૮ થી મળેલ છે.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૭૮, તા.૧૪/૦૩/૨૦૧૮ નાં રોજ જરૂરી નકલો અરજદાર બી.પી.એલ. ધારક હોય સમય મર્યાદામાં વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિકસેલ/આરટીઆઈ/આઉટ વર્ડ / નં–૦૧, તા. ૦૩/૦૪/૨૦૧૮ થી અરજદારને તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૨.૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ એપેલેટ અધિકારીશ્રી તા.૧૦/૦૪/૧૮ ના રોજ ઓફિસ ના કામ અંગે બહારગામ હોવાથી અરજદારશ્રીને તા. ૧૦/૦૪/૧૮ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ટેલિફોનીક જાણ થકી તા.૧૨/૦૪/૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ જે બાબતે અરજદાર શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળે સદર દિને હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી (ટ્રાફિસેલ) હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અરજદાર હાજર રહેલ નથી.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆતઃ–** અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૭૮,

તા.૧૪/૦૩/૨૦૧૮ નાં રોજ જરૂરી નકલો અરજદાર બી.પી.એલ. હોય સમય મર્યાદામાં વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે કોઈ વિલંબ/વિસંગતતા હોવાનું જણાતું નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.:–

અરજદાર શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળે ની માહિતી માંગતી આઈડી અરજી નં–૨૫૩૩, તા.૧૯/૦૨/૨૦૧૮ નાં અન્વયે અરજદારને તેમની માંગણી મુજબની ઉપલબ્ધ રેકર્ડ/માહિતી નિયત સમય મર્યાદામાં અરજદાર બી.પી.એલ ધારક હોય વિના મૂલ્યે પૂરી પાડેલ છે. અરજદારે સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં–સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૨૭૩, તા. ૧૨/૦૩/૨૦૧૮ થી નારાજ થઈ પ્રથમ અપીલ નં – ૧૮૮, તા. ૧૯/૦૩/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ જે ઉપરોકત સંદર્ભ–૪થી તબદીલ થઈ અત્રેના વિભાગને મળેલ છે. વધુમાં અરજદારને અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિકસેલ/આરટીઆઈ/આઉટ વર્ડ / નં–૦૧, તા. ૦૩/૦૪/૨૦૧૮ થી અરજદારને તા.૧૦/૦૪/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૨.૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ એપેલેટ અધિકારીશ્રી તા.૧૦/૦૪/૧૮ ના રોજ ઓફિસ ના કામ અંગે બહારગામ હોવાથી અરજદારશ્રીને તા. ૧૦/૦૪/૧૮ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ટેલિફોનીક જાણ કરીને ફરીથી તા.૧૨/૦૪/૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનાવણીમાં મૂળ અરજીની નકલ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ, પરંતુ અરજદાર હાજર રહેલ ન હતાં તેમ છતાં પણ જો તેઓને અત્રેની કચેરી(ટ્રાફિકસેલ)ના પાઠવેલ જવાબ/ માહિતીથી જો કોઈ અસંતોષ હોય કે કોઈ માહિતી ખૂટતી જણાય તો તેઓને આ હુકમ મળ્યેથી દિન–૭ માં ટ્રાફિક સેલનાં સંબંધિત જાહેર માહિતી અધિકારીને રૂબરૂ મળી મેળવી લેવાની રહેશે અને અરજદારની આવી કોઈ માંગણી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ તેઓની માંગણી યોગ્ય જણાયે ગ્રાહય રાખી તે મુજબની માહિતી પુરી પાડવાની રહેશે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ નાપેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખ થી ૯૦ (નેંવુ) દિવસની અંદર અપીલ સત્તાધિકારી , મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે. આ સાથે અરજદાર શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(ડી.એન.બસાક)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./૧૩
તા.૨૧/૦૪/૨૦૧૮

અરજદારઃ
શ્રી દિપ્તેશ એમ.ગડમવાર
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલ.

ફરીયાદની હકીકતઃ

**વિષયઃ** અરજદાર શ્રી દિપ્તેશ એમ.ગડમવાર, ધ્વારા આર.ટી.આઈ એકટ–૨૦૦૫ અંતર્ગતની, આઈ.ડી.નં.–૯૧૪, તા.૨૬/૦૭/૨૦૧૭ ની અરજીથી મુદા નં (A) સુરત મહાનગરપાલિકા તરફથી જાહેર રોડ ઉપર તથા બ્રિજની નીચે પે એન્ડ પાર્કના ટેન્ડરો સુરતમાં જે પણ કંઈ સંસ્થા કે ઈજારદારને આપવામાં આવેલ હોય તે તમામની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો.(સને–૦૧/૦૧/૨૦૧૧ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધીના). (B) સદર ઈજારદારએ ટેન્ડરમા રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાઓની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો. (C) સદર ટેન્ડરો જે પણ કંઈ શરતે સુરત મહાનગરપાલિકા થકી કાઢવામાં આવેલ હોય તેવા તમામ અખબારી યાદી તથા કરાયેલ બીડની તમામ ઈજારદારોએ કરેલી ઓફરની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો.(D) સને–૦૧/૦૧/૨૦૧૧ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં સુરત મનપા થકી બ્લેક લીસ્ટ કરવામાં આવેલ હોય તેની તથા તેમના ઉપર કરવામાં આવેલ તમામ કાર્યવાહીની નકલોની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો. (E) વર્તમાન સમયે ચાલતા તમામ પે એન્ડ પાર્કના ઈજારદારના તમામ વાહનો ના પાર્કિંગના ભાવ લિસ્ટની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો.

**સંદર્ભ :–** (૧) અરજદારની આઈ.ડી.નં. ૯૧૪, તા.૨૬/૦૭/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૫, તા. ૧૮/૦૮/૨૦૧૭
(૩) અરજદારની તા.૨૩/૧૧/૧૭ના રોજની પ્રથમ અપીલ અરજીનં–૩૭
(૪) પ્રથમ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નં– ટીપીડી / આરટીઆઈ / આ / ૬૦–I, તા.૨૭/૦૨/૧૮ અને ટીપીડી / આરટીઆઈ / આ / ૭૦–I, તા. ૩૧/૦૩/૧૮ થી તબદીલ થઈ અત્રેની કચેરીએ ટ્રાફિકસેલ/આરટીઆઈ/ઈનવર્ડ/નં–૦૮, તા. ૦૩/૦૪/૨૦૧૮ થી મળેલ છે.
(૫) અરજદારશ્રી ને અપીલ અન્વયે સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ પત્ર નં ટ્રાફિકસેલ/આરટીઆઈ/આઉટ વર્ડ / નં–૦૩, તા. ૦૭/૦૪/૨૦૧૮

અરજદાર શ્રી દિપ્તેશ એમ.ગડમવાર, ધ્વારા આર.ટી.આઈ એકટ–૨૦૦૫ અંતર્ગતની, આઈ.ડી.નં.–૯૧૪, તા.૨૬/૦૭/૨૦૧૭ ની અરજીથી મુદા નં (A) સુરત મહાનગરપાલિકા તરફથી જાહેર રોડ ઉપર તથા બ્રિજની નીચે પે એન્ડ પાર્કના ટેન્ડરો સુરતમાં જે પણ કંઈ સંસ્થા કે ઈજારદારને આપવામાં આવેલ હોય તે તમામની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો.(સને–૦૧/૦૧/૨૦૧૧ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધીના). (B) સદર ઈજારદારએ ટેન્ડરમા રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાઓની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો. (C) સદર ટેન્ડરો જે પણ કંઈ શરતે સુરત મહાનગરપાલિકા થકી કાઢવામાં આવેલ હોય તેવા તમામ અખબારી યાદી તથા કરાયેલ બીડની તમામ ઈજારદારોએ કરેલી ઓફરની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો.(D) સને–૦૧/૦૧/૨૦૧૧ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં સુરત મનપા થકી બ્લેક લીસ્ટ કરવામાં આવેલ હોય તેની તથા તેમના ઉપર કરવામાં આવેલ તમામ કાર્યવાહીની નકલોની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો. (E) વર્તમાન સમયે ચાલતા તમામ પે એન્ડ પાર્કના ઈજારદારના તમામ વાહનો ના પાર્કિંગના ભાવ લિસ્ટની સહી સીકકા વાળી એટેસ્ટેટ નકલો આપશો. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ટ્રાફિકસેલ) ના પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૫, તા. ૧૮/૦૮/૨૦૧૭ થી નારાજ થઈ તા.૨૩/૧૧/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અપીલ અરજી તબદીલ થઈ ઉપરોકત સંદર્ભ – ૪ થી અત્રેની કચેરીના ઈનવર્ડ નં– ટ્રાફિકસેલ/આરટીઆઈ/૦૮, તા. ૦૩/૦૪/૨૦૧૮ થી મળેલ છે.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૫, તા.૧૮/૦૮/૨૦૧૭ નાં રોજ જરૂરી માહિતી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિકસેલ/આરટીઆઈ/આઉટ વર્ડ / નં–૦૩, તા. ૦૭/૦૪/૨૦૧૮ થી અરજદારને તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૨.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી દિપ્તેશ એમ.ગડમવાર સદર દિને હાજર રહેલ હતાં તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી (ટ્રાફિસેલ) હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :**– મૂળ અરજી આઈ.ડી.ન–૯૧૪, તા.૨૬/૦૭/૧૭ બાબતે અત્રેથી જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૫, તા.૧૮/૦૮/૨૦૧૭ થી પાઠવેલ જવાબના અનુંસંધાને મુદા નં–B ના જવાબથી અસંતોષ વ્યકત કરેલ છે તેમજ મુદા નં–B થી માંગેલ નકલો પૂરી પાડવા રજુઆત કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆતઃ**– નિયમાનુસાર આપવાજોગ માહિતી આપી શકાય.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.:–

અરજદાર શ્રી દિપ્તેશ એમ.ગડમવારની માહિતી માંગતી આઈડી અરજી નં– ૯૧૪, તા.૨૬/૦૭/૨૦૧૭ નાં અન્વયે અરજદારને તેમની માંગણી મુજબની ઉપલબ્ધ રેકર્ડ/માહિતી નિયત સમય મર્યાદામાં અરજદારને પૂરી પાડેલ છે. જેનાથી નારાજ થઈ પ્રથમ અપીલ નં – ૩૭, તા. ૨૩/૧૧/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ, જે ઉપરોકત સંદર્ભ–૪થી તબદીલ થઈ અત્રેના વિભાગને મળેલ છે. વધુમાં અરજદારને પ્રથમ અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિકસેલ/આરટીઆઈ/આઉટ વર્ડ / નં–૦૩, તા. ૦૭/૦૪/૨૦૧૮ થી તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૨.૦૦ કલાકે મૂળ અરજીની નકલ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ,સદર દિને અરજદાર હાજર રહેલ હતાં. તેઓએ કરેલ રજુઆતને ધ્યાને લેતાં, ઉપરોકત સંદર્ભ – (૨) ધ્વારા પાઠવેલ જવાબ બરાબર જણાયેલ છે.જે અંગે સદર પ્રથમ અપીલ બાબતે અત્રેથી વધુ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ નાપેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખ થી ૯૦ (નેંવુ) દિવસની અંદર અપીલ સત્તાધિકારી , મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે. આ સાથે અરજદાર શ્રી દિપ્તેશ એમ.ગડમવારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(ડી.એન.બસાક)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./૩૦
તા.૧૩/૦૬/૨૦૧૮

અરજદારઃ
શ્રી કિશોરભાઈ શામજીભાઈ ચોટલીયા

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, ટ્રાફિક સેલ.

ફરીયાદની હકીકતઃ
**વિષયઃ** અરજદાર શ્રી કિશોરભાઈ શામજીભાઈ ચોટલીયા, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં.–૨૮૪૫, તા.૨૦/૦૩/૨૦૧૮ ની અરજીથી મુદા નં (૧) અમારા જુના ૧૯૯૦–૯૧ થી અત્યાર સુધીના જુના કામોની S.D. જમા F.D.R. ની વિગત જુના વર્ક ઓર્ડર ડીટેઈલ્સ સાથે આપવા વિનંતી (વર્કઓર્ડર નંબર અને તારીખ સાથે કામનું વર્ણન).

**સંદર્ભ :–** (૧) અરજદારની આઈ.ડી.નં.૨૮૪૫, તા.૨૦/૦૩/૨૦૧૮ નાં રોજની મૂળ અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૦૬, તા. ૧૧/૦૪/૨૦૧૮

(૩) અરજદારની તા.૨૯/૦૫/૨૦૧૮ ના રોજની પ્રથમ અપીલ અરજી જે તબદીલ થઈ અત્રેની કચેરીએ તા.૩૧/૦૫/૧૮ ના રોજ મળેલ.

(૪) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૮, તા.૦૧/૦૬/૨૦૧૮

અરજદાર શ્રી કિશોરભાઈ શામજીભાઈ ચોટલીયા, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં.–૨૮૪૫, તા.૨૦/૦૩/૨૦૧૮ ની અરજીથી મુદા નં (૧) અમારા જુના ૧૯૯૦–૯૧ થી અત્યાર સુધીના જુના કામોની S.D. જમા F.D.R. ની વિગત જુના વર્ક ઓર્ડર ડીટેઈલ્સ સાથે આપવા વિનંતી (વર્કઓર્ડર નંબર અને તારીખ સાથે કામનું વર્ણન). જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા પાઠવેલ જવાબ ખોટો હોવાનું જણાવી નારાજ થઈ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ/આરટીઆઈ/ આઉટવર્ડ નં /૦૬, તા.૧૧/૦૪/૧૮ નાં રોજ માહિતી પૂરી પાડવામાં આવેલ.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૮, તા.૦૧/૦૬/૨૦૧૮ થી અરજદારને તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી કિશોરભાઈ શામજીભાઈ ચોટલીયા હાજર રહેલ હતાં તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અમારી જમા S.D.ની રસીદની માહિતી મળેલ છે જેથી કશું કહેવાનુ રહેતું નથી.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆતઃ–** કોઈ રજુઆત કરેલ નથી.

# <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.:–

અરજદાર શ્રી કિશોરભાઈ શામજીભાઈ ચોટલીયાની માહિતી માંગતી આઈડી અરજી નં–૨૮૪૫, તા.૨૦/૦૩/૨૦૧૮ નાં અન્વયે અરજદારને તેમની માંગણી મુજબની ઉપલબ્ધ રેકર્ડ/માહિતી પૂરી પાડેલ છે.જેનાથી નારાજ થઈ અરજદારે સદર અરજી અન્વયે પ્રથમ અપીલ તા. ૨૯/૦૫/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ, અરજદારની મૂળ અરજી નાં સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા ટ્રાફિક સેલ પત્ર નં આર.ટી.આઈ./આઉટ વર્ડ નં / ૦૬, તા.૧૧/૦૪/૨૦૧૮ થી સમય મર્યાદામાં અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે.જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા ખોટી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. વધુમાં અરજદારને તા. ૧૨/૦૬/૨૦૧૮ નાં રોજ સાંજે ૦૪:૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રજુઆત તથા તેમનો પક્ષ સાંભળવા મૂળ અરજીની નકલ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ. સદર દિને અરજદાર હાજર રહેલ છે.સદર સુનાવણી દરમિયાન અરજદારે કરેલ રજુઆત મુજબ અરજદારને જરૂરી માહિતી મળી ગઈ હોય હવે સદર અપીલ અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.જેથી સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ નાપેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખ થી ૯૦ (નેંવુ) દિવસની અંદર અપીલ સત્તાધિકારી , મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે. આ સાથે અરજદાર શ્રી કિશોરભાઈ શામભાઈ ચોટલીયા ની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(તૃપ્તિબેન એન.કલથીયા)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./૫૧
તા.૧૦ /૦૮/૨૦૧૮

અરજદારઃ
શ્રી દિપ્તેશ એમ. ગડમવાર
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, ટ્રાફિક સેલ.
ફરીયાદની હકીકતઃ

**વિષયઃ** અરજદાર શ્રી દિપ્તેશ એમ. ગડમવાર, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં.–૧૪, તા.૦૭/૦૬/૨૦૧૮ ની અરજીથી માંગેલ માહિતી બાબત

**સંદર્ભ :–** (૧) અરજદારની આઈ.ડી.નં.–૧૪, તા.૦૭/૦૬/૨૦૧૮નાં રોજની મૂળ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૯, તા. ૨૮/૦૬/૨૦૧૮
(૩) અરજદારની તા.૧૮/૦૭/૨૦૧૮ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રે કચેરીના ટ્રાફિક સેલ/આર.ટી.આઈ./ ઈનવર્ડ/નં–૫૫, તા.૧૯/૦૭/૧૮ થી મળેલ.
(૪) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૪૫, તા.૨૪/૦૭/૨૦૧૮

અરજદાર શ્રી દિપ્તેશ એમ. ગડમવાર, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં.–૧૪, તા.૦૭/૦૬/૨૦૧૮ ની અરજીથી મુદા નં (૧)તા.૧૦/૦૪/૨૦૧૩ ના રોજ સુરત મહાનગરપાલિકાના ટાઉનપ્લાનર વિભાગમાંથી " આશુતોષ એન્ટરપ્રાઈઝ" સી/૧૪, ડોલ્ફીન ગાર્ડન બીલ્ડીંગ, પૂનમ સાગર કોમ્પ્લેક્ષ, મીરા રોડ (ઈસ્ટ), મુંબઈનાઓને કોઈ સર્ટીફીકેટ આપવામાં આવેલ હોય તો તે સર્ટીફીકેટની સહી સિકકાવાળી નકલ આપશો. (૨) સદર સર્ટીફીકેટ જે પણ કોઈ અધિકારીની સહીથી અથવા આદેશથી આપવામાં આવેલ હોય તો તે તમામની દસ્તાવેજોની સહી સિકકાવાળી નકલો આપશો. સદર અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા પાઠવેલ જવાબથી નારાજ થઈ તા.૧૮/૦૭/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૪૫, તા.૨૪/૦૭/૨૦૧૮ થી અરજદારને તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી દિપ્તેશ એમ. ગડમવાર હાજર રહેલ હતાં તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અરજીમાં જણાવ્યા મુજબ મૂળ અરજીમાં જે સર્ટીફીકેટની માંગણી કરવામાં આવેલ છે જેની ઝેરોક્ષ નકલ અત્રે રજુ કરેલ છે જે નકલ પ્રમાણેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆતઃ–** અરજદાર ધ્વારા પોતાની મૂળ અરજીમાં જણાવ્યા મુજબ માંગ્યા મુજબના સર્ટીફીકેટ બાબતે જરૂરી સ્પષ્ટતા કરેલ ન હોવાથી અત્રેના રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ નથી એમ જવાબ પાઠવવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.:–

અરજદાર શ્રી દિપ્તેશ એમ.ગડમવાર ધ્વારા તેઓની મૂળ અરજીમાં જણાવ્યા મુજબના સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ અત્રે રજુ કરી, સર્ટીફીકેટ બાબતે જરૂરી સ્પષ્ટતા કરેલ હોવાથી, તેઓએ મૂળ અરજીથી માંગેલ સર્ટીફીકેટની નકલ હુકમની તારીખથી દિન–૧૦માં અરજદાર મજકુરને વિનામૂલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને હુકમ કરવામાં આવે છે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખ થી ૯૦ (નેંવુ) દિવસની અંદર અપીલ સત્તાધિકારી , મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે.

(તૃપ્તિબેન એન.કલથીયા)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

| RIGHT TO INFORMATION | સુરત મહાનગરપાલિકા | |
|---|---|---|

ટ્રાફિક સેલ
આર.ટી.આઈ./પ્રથમ અપીલ/આ.નં.૬૮
તા.૨૬/૦૯/૨૦૧૮

અરજદાર :– શ્રી પીંકલ પી. ઘીવાળા
સામાવાળા :– (૧) શ્રી આર.ડી. સુખડીયા,
જાહેર માહિતી અધિકારી અને
ડે.ઈજનેર, ટ્રાફિક સેલ

(૨) શ્રી એસ. કે. દેસાઈ
જાહેર માહિતી અધિકારી અને
ડે.ઈજનેર, ટ્રાફિક સેલ

**<u>ફરિયાદની હકીકત :</u>**

**<u>વિષય :–</u>** અરજદારની આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજી આઈડી નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ અન્વયે કરેલ પ્રથમ અપીલ અરજી નં. ૫૮, તા. ૧૩/૦૮/૨૦૧૮ બાબત.

**<u>સંદર્ભ :–</u>** (૧) અરજદાર મજકુરની આઈડી અરજી નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮(નમૂના–ક).
(૨) અત્રેના ખાતાના પત્ર નં. ટ્રાફિક સેલ/આરટીઆઈ/આ.નં.૬૨, તા.૧૨/૦૯/૨૦૧૮ (નમૂના–ગ).
(૩) અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. ૫૮, તા.૧૩/૦૮/૨૦૧૮
(૪) વેસ્ટ ઝોન (રાંદેર) ના અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર નં. વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૨૨૬, તા. ૩૧/૦૮/૨૦૧૮ થી તબદીલ થઈ અત્રેના ટ્રાફિક સેલ ઈનવર્ડ.નં.૭૩, તા.૦૬/૦૯/૨૦૧૮ થી મળેલ પ્રથમ અપીલ અરજી નં. ૫૮, તા.૧૩/૦૮/૨૦૧૮

ઉપરોકત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, અરજદાર શ્રી પીંકલ પી. ઘીવાળાની માહિતી માંગતી સંદર્ભ (૧) ની અરજી આઈડી નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ અન્વયે સંદર્ભ–૩ થી કરેલ પ્રથમ અપીલ અરજી ટ્રાફિક સેલ ખાતે સંદર્ભ (૪) થી મળેલ છે. અરજદારની અગાઉ મળેલ અરજી (નમૂના–ક) સંદર્ભ (૨) થી અરજદારને તા. ૧૨/૦૯/૨૦૧૮ થી માહિતી/જવાબ પાઠવવામાં/પુરી પાડવામાં આવેલ છે.

આ કેસની હકીકત જોતા અરજદારે તેમની અરજી વેસ્ટ ઝોન રાંદેર ખાતે તા. ૦૭/૦૭/૨૦૧૮ ના રોજ આપેલ હતી જે અનુસંધાને વેસ્ટ ઝોનના જાહેર માહિતી અધિકારીએ તબદીલ કરવાજોગ અરજી નિયમાનુસાર દિન–૫માં જે તે ઝોન/વિભાગ/ખાતામાં મોકલવાની હતી પરંતુ તા. ૦૭/૦૭/૨૦૧૮ ની અરજી તા. ૨૩/૦૮/૨૦૧૮ ના રોજ ટ્રાફિક સેલ ખાતામાં મળેલ. આમ, દોઢ માસ બાદ એટલેકે સમય મર્યાદા બાદ આ અરજી તબદીલ કરવામાં આવેલ. આ અંગે અરજદારની સંદર્ભ (૪) થી કરેલ અપીલ અરજીમાં અરજદારે સમયમર્યાદા બાદ માહિતી અંગે પ્રત્યુત્તર આપેલ હોય વિના મૂલ્યે દસ્તાવેજી માહિતીની માંગણી કરેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૪, તા.૨૪/૦૭/૨૦૧૮ થી અરજદારને તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી દિપ્તેશ એમ. ગડમવાર હાજર રહેલ હતાં તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ હતા.

## હુકમ

ઉપર મુજબની હકીકત ધ્યાને લેતા અરજદાર શ્રી પીંકલ પી. ઘીવાળા ની માહિતી માંગતી આઈડી અરજી નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ની મૂળ અરજી વેસ્ટઝોનમાંથી દોઢ માસ જેટલા સમય બાદ વિલંબથી તબદીલ થવાથી અરજદારને નિયમાનુસાર દિન–૩૦ બાદ એટલેકે સમયમર્યાદા બાદ તા. ૧૨/૦૯/૨૦૧૮ના રોજ તેમને પ્રત્યુત્તર/માહિતી પુરી પાડેલ હોય, જેથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી. આમ, આ સાથે મજકુર અરજદારની પ્રથમ અપીલ અરજીનો અત્રેના ટ્રાફિકસેલ ખાતાને સંલગ્ન બાબતો માટે નિકાલ કરવામાં આવે છે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસની અંદર અપીલ સત્તાધિકારી, ગુજરાત રાજય માહિતી અધિકાર આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે.

(ટી.એન.કલથિયા)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગરપાલિકા** | |

ટ્રાફિક સેલ
આર.ટી.આઈ./પ્રથમ અપીલ/આ.નં.૮૯
તા.૧૦/૧૨/૨૦૧૮

અરજદાર :– શ્રી હિતેશભાઈ બી. જાસોલીયા
સામાવાળા :– (૧) શ્રી મિનેશ પટેલ,
જાહેર માહિતી અધિકારી અને
ડે.ઈજનેર, ટ્રાફિક સેલ

**<u>ફરિયાદની હકીકત :</u>**

**<u>વિષય :–</u>** અરજદારની આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજી આઈડી નં.૫૭૬, તા.૦૪/૦૮/૨૦૧૮ અન્વયે કરેલ પ્રથમ અપીલ અરજી નં.૦૬, તા.૧૨/૧૧/૨૦૧૮ બાબત.

**<u>સંદર્ભ :–</u>** (૧) અરજદાર મજકુરની આઈ.ડી. અરજી નં.૫૭૬, તા.૦૪/૦૮/૨૦૧૮(નમૂના–ક).
(૨) અત્રેના ખાતાના પત્ર નં. ટ્રાફિક સેલ/આરટીઆઈ/આ.નં.૫૯, તા.૦૭/૦૯/૨૦૧૮ (નમૂના–ગ).
(૩) અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. ૦૬, તા.૧૨/૧૧/૨૦૧૮
(૪) અત્રેના ખાતાના આરટીઆઈ/ઈ.નં.૯૯, તા.૧૩/૧૧/૨૦૧૮

ઉપરોકત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, અરજદાર શ્રી હિતેશભાઈ બી. જાસોલીયાની માહિતી માંગતી સંદર્ભ (૧) ની અરજી આઈડી નં.૫૭૬, તા.૦૪/૦૮/૨૦૧૮ અન્વયે સંદર્ભ–૩ થી કરેલ પ્રથમ અપીલ અરજી ટ્રાફિક સેલ ખાતે સંદર્ભ (૪) થી મળેલ છે. અરજદારની અગાઉ મળેલ અરજી (નમૂના–ક) સંદર્ભ (૨) થી અરજદારને અત્રેના ખાતાને લાગત મુદા બાબતે તા. ૦૭/૦૯/૨૦૧૮ થી માહિતી/જવાબ પાઠવવામાં/પુરી પાડવામાં આવેલ છે.

આ કેસની હકીકત જોતા અરજદારે તેમની અરજી ઈસ્ટ (વરાછા) ઝોન ખાતે તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ આપેલ હતી જે અનુસંધાને ઈસ્ટ ઝોન (વરાછા)ના જાહેર માહિતી અધિકારીએ તબદીલ કરવાજોગ અરજી નિયમાનુસાર દિન–૫માં જે તે ઝોન/વિભાગ/ખાતામાં મોકલવાની હતી પરંતુ તા.૦૪/૦૮/૨૦૧૮ ની અરજી તા. ૦૧/૦૯/૨૦૧૮ ના રોજ ટ્રાફિક સેલ ખાતામાં મળેલ. આમ, ૨૭ દિવસ બાદ આ અરજી તબદીલ કરવામાં આવેલ. આ અંગે અરજદારની સંદર્ભ (૪) થી કરેલ અપીલ અરજીમાં અરજદારે સમયમર્યાદા બાદ માહિતી અંગે પ્રત્યુત્તર આપેલ હોય વિના મૂલ્યે દસ્તાવેજી માહિતીની માંગણી કરેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૮૫, તા.૧૬/૧૧/૨૦૧૮ થી અરજદારને તા.૨૮/૧૧/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ.પરંતુ એપેલેટ અધિકારીશ્રી, ટ્રાફિક સેલની અન્ય કામગીરીની વ્યસ્તતાને કારણે સદર સુનાવણી મોકુફ રાખવામાં આવેલ જેની જાણ અરજદારને મોબાઈલ ફોન ધ્વારા તા.૨૮/૧૧/૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે કરવામાં આવેલ. ત્યારબાદ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૮૭, તા.૨૮/૧૧/૨૦૧૮ થી અરજદારને તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે સવારે

૧૧:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ જે બાબતે અરજદાર શ્રી હિતેશભાઈ બી.જાસોલીયા હાજર રહેલ **ન** હતાં તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ હતા.

**<u>હુકમ</u>**

ઉપર મુજબની હકીકત ધ્યાને લેતા અરજદાર શ્રી હિતેશભાઈ બી. જાસોલીયાની માહિતી માંગતી આઈડી અરજી નં.૫૭૬, તા.૦૪/૦૮/૨૦૧૮ની મૂળ અરજી ઈસ્ટઝોન(વરાછા)ખાતેથી ટ્રાફિક વિભાગને તા.૨૯/૦૮/૧૮ની અત્રે મળેલ તા.૦૧/૦૯/૧૮થી તબદીલીવાળી એટલે કે ૨૭ (સત્તાવીસ) દિવસ બાદ વિલંબથી તબદીલ થવાથી અરજદારને નિયમાનુસાર દિન–૩૦(ત્રીસ) બાદ એટલેકે સમયમર્યાદા બાદ તા. ૦૭/૦૯/૨૦૧૮ના રોજ તેમને અત્રેના ખાતાને લાગત મુદા બાબત પ્રત્યુત્તર/માહિતી પુરી પાડેલ હોય, જેથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી. આમ, આ સાથે મજકુર અરજદારની પ્રથમ અપીલ અરજીનો અત્રેના ટ્રાફિકસેલ ખાતાને સંલગ્ન બાબતો માટે નિકાલ કરવામાં આવે છે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસની અંદર અપીલ સત્તાધિકારી, ગુજરાત રાજય માહિતી અધિકાર આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે.

(ટી.એન.કલથિયા)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | # સુરત મહાનગરપાલિકા | |

ટ્રાફિક સેલ
આર.ટી.આઈ./પ્રથમ અપીલ/આ.નં.
તા.

અરજદાર :– શ્રી સજીવ ઈઝાવા
સામાવાળા :– (૧) શ્રી અશોક એસ. પટેલ,
જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર,
ટ્રાફિક સેલ

**ફરિયાદની હકીકત :**

**વિષય :–** અરજદારની આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજી આઈ.ડી નં.૬૫૭, તા.૦૪/૦૨/૨૦૧૯ અન્વયે કરેલ પ્રથમ અપીલ અરજી નં.૦૭, તા.૨૨/૦૩/૨૦૧૯ બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદાર મજકુરની આઈ.ડી. અરજી નં.૬૫૭, તા.૦૪/૦૨/૨૦૧૯
(૨) અત્રેના ખાતાના પત્ર નં. ટ્રાફિક સેલ/આરટીઆઈ/આ.નં.૧૧૨, તા.૦૫/૦૩/૨૦૧૯(નમૂના–ગ).
(૩) અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. ૦૭, તા.૨૨/૦૩/૨૦૧૯
(૪) અત્રેના ખાતાના આરટીઆઈ/ઈ.નં.૧૪૫, તા.૨૨/૦૩/૨૦૧૯

ઉપરોકત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, અરજદાર શ્રી સજીવ ઈઝાવાની માહિતી માંગતી સંદર્ભ (૧) ની અરજી આઈડી નં.૬૫૭, તા.૦૪/૦૨/૨૦૧૯ અન્વયે સંદર્ભ–૩ થી કરેલ પ્રથમ અપીલ અરજી ટ્રાફિક સેલ ખાતે સંદર્ભ (૪) થી મળેલ છે. અરજદારની અગાઉ મળેલ અરજી (નમૂના–ક) સંદર્ભ (૨) થી અરજદારને અત્રેના ખાતાને લાગત મુદા બાબતે તા.૦૫/૦૩/૨૦૧૯ થી માહિતી/જવાબ મેળવવા માટે નમૂના–ખ મુજબ જરૂરી ફી ભરવા જણાવેલ.જેના અનુસંધાને અરજદાર ધ્વારા તા.૧૪/૦૩/૨૦૧૯ના રોજ મિલેનિયમ નાગરિક સુવિધા ખાતે જરૂરી ફી ભરેલ હતી. જે સંદર્ભે અરજદારને તા.૧૬/૦૩/૨૦૧૯ ના રોજ પત્ર નં. ટ્રાફિક સેલ/આરટીઆઈ/આ.નં.૧૧૫ થી જરૂરી માહિતી/નકલ નંગ–૩ RPAD થી પુરી પાડવામાં આવેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૧૧૭, તા.૨૫/૦૩/૨૦૧૯ થી અરજદારને તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે સવારે ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી સજીવ ઈઝાવા હાજર રહેલ **ન** હતાં તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ હતા. અરજદારે તેઓને અત્રેથી પાઠવેલ જવાબ (નમૂનો–ગ) ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૧૧૨ તા.૦૫/૦૩/૨૦૧૯ માં મુદા નં– ૩,૪,૭ અને ૮ ની માહિતી મળેલ ન હોય, અપીલ દાખલ કરેલ છે.

## હુકમ

ઉપર મુજબની હકીકત ધ્યાને લેતા અરજદાર શ્રી સજીવ ઈઝાવાની માહિતી માંગતી આઈ.ડી. અરજી નં.૬૫૭, તા.૦૪/૦૨/૨૦૧૯ની મૂળ અરજી ટાઉન પ્લાનીંગ વિભાગ ખાતેથી ટ્રાફિક વિભાગને તા.૧૮/૦૨/૧૯થી આંશિક તબદીલ થઈ અત્રે મળેલ. જેના અનુસંધાનમાં અત્રેથી અરજદારને પત્ર ટ્રાફિક સેલ/આરટીઆઈ/આ.નં.૧૧૨, તા.૦૫/૦૩/૨૦૧૯ થી જવાબ નમુનો–(ગ) પાઠવી અત્રેના ટ્રાફિક સેલ ખાતાને લાગત મુદા નં–૧,૨,૫ અને ૬

બાબતે સમય મર્યાદામાં પ્રત્યુત્તર/માહિતી પુરી પાડેલ જે બરાબર હોય, દાખલ કરેલ અપીલના મુદા નં– ૩,૪,૭ અને ૮ બાબતે અત્રેથી કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી.

અરજદારને ટ્રાફિક સેલ ખાતાને લાગત મુદા નં–૧,૨,૫ અને ૬ બાબતે પાઠવેલ જવાબ/ માહિતીથી જો કોઈ અસંતોષ હોય કે કોઈ માહિતી ખૂટતી જણાય તો તેઓને આ હુકમની તારીખથી દિન–૭ માં ટ્રાફિક સેલનાં સંબંધિત જાહેર માહિતી અધિકારીને રૂબરૂ મળી મેળવી લેવાની રહેશે અને અરજદારની આવી કોઈ માંગણી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ તેઓની માંગણી યોગ્ય જણાયે ગ્રાહય રાખી તે મુજબની માહિતી જરૂરી ફી ભર્યેથી પુરી પાડવાની રહેશે. આમ,આ સાથે મજકુર અરજદારની પ્રથમ અપીલ અરજીનો અત્રેના ટ્રાફિકસેલ ખાતાને સંલગ્ન બાબતો માટે નિકાલ કરવામાં આવે છે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસની અંદર અપીલ સત્તાધિકારી, ગુજરાત રાજય માહિતી અધિકાર આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે.

(ડી.એન.બસાક)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ